eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 393
June 5, 2015

## માસ મે –૨૦૧૫ દરમ્યાન ઈમ્પેકટ ફી તથા આઈ.સી.નાં નાણાની વસૂલાત બાબત.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન તરફથી ઝોન વિસ્તારમાં પ્રાથમિક સુવિધાને લગતાં વિકાસ કામો કરવાની સાથો–સાથ મહાનગરપાલિકાનાં આવકના સ્ત્રોતો મારફત નાંણાકીય રિકવરી કરવાની કામગીરી પણ સતત ચાલી રહેલ છે. તે હેઠળ ગુડા–૨૦૧૧ હેઠળ તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીમાં ઈમ્પેકટ ફી પેટે રૂા.૫૭,૨૫,૫૯,૯૫૫/– ની વસૂલાત કર્યા બાદ ચાલુ નાંણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નાં પ્રથમ ૨ (બે) માસ દરમ્યાન ઈમ્પેકટ ફી પેટે વધુ રૂા.૪,૬૫,૪૬,૨૬૭/– ની રકમની વસૂલાત કરી લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૯/૩૦–૦૫–૨૦૧૫ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અઠવાલાઈન્સ વિસ્તારમાં સુરત–ડુમસ રોડ પર ખાણીપીણીનાં લારી–ગલ્લાનાં દબાણને કારણે વાહન વ્યવહાર ઠપ થઈ જવા પામે છે. જેથી જાહેર જનતાની સગવડતા માટે ખાસ અભિયાન તા.૨૫/૦૫/૧૫ થી સતત હાથ ધરવામાં આવેલ, જે પૈકી તા.૨૯/૦૫/૨૦૧૫ નાં રોજ રાત્રે ૭ઃ૩૦ થી ૧૨ઃ૦૦ દરમ્યાન કુલ ૧૨ (બાર) લારીઓનું દબાણ દૂર કરવામાં આવેલ છે તથા ખાસ ઝુંબેશ હેઠળ સદર લારી–ગલ્લાનું રાત્રી દરમ્યાન દબાણ દૂર કરવાની કામગીરી ચાલુ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## જાહેર આરોગ્ય વિભાગ સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશ્નરશ્રીના ટેલીફોનિક આદેશાનુસાર તા.૩૦/૦૫/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સંસ્થાઓની સાફ–સફાઈની તેમજ પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાર્ડન ખાતુ

સુરત મહાનગરપાલિકા અઠવા ઝોન વિસ્તારમાં પીપલોદ ખાતે આવેલ લેકવ્યુ ગાર્ડનમાં તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ સવારે ૮–૦૦ કલાક થી ૮–૩૦ કલાક દરમ્યાન મા.ધારાસભ્યશ્રી હર્ષ આર. સંઘવીની સ્થળ મુલાકાત દરમ્યાન તેઓશ્રીએ કરેલ સુચનો મુજબ સીકયુરીટી ગાર્ડને નિયમિત ફરજ બજાવવા માટે તાકીદ કરવામાં આવેલ છે. તેમજ અનિયમિતતા બાબતે સીકયુરીટી એજન્સી પાસેથી રૂા.૫,૦૦૦/– દંડ વસુલી કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

૧.સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૫/૦૫/૨૦૧૫ થી તા.૨૧/૦૫/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ શહેરના વિવિધ વિસ્તારમાં રૂા.૧૦૬.૮૦ કરોડના ખર્ચે સાકારિત ત્રણ બ્રિજની લોકાપર્ણવિધિ શ્રી નીતિનભાઈ પટેલ માન.મંત્રીશ્રી આરોગ્ય,તબીબી શિક્ષણ,પરિવાર કલ્યાણ,માર્ગ અને મકાન,પાટનગર યોજના,ગુજરાત રાજય તથા માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ

વધુ માટે કલીક કરો >>>>>>

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૨.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૧ ફાઈલના રૂા.૪.૧૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૨૪૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૭.૦૪૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૧૧ લોકેશન(ખાડા) ૪૪૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૮૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૫૦ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૭૦૯૦/– વસુલ લેવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ :૦૬ આપવામાં આવેલ તથા સિધ્ધાથનગર બી.આર.ટી.એસ.રૂટને નડતરરૂપ ૦૮ ઝુપડા ૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૫૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૫.૩૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૨.૪૩ લાખ થયેલ છે.,૦૬ ભહ તથા ૦૨ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૩૦૨/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૧ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૦.૧૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૪૯ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૬૫૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૦૮૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૧૭૭૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૮ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૯૩૦ કરવામાં આવેલ છે. જયારે ૨૪ નોટીસ આપવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૫૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨,૬૮,૪૦૯/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૧,૪૬૦/– અને આર.સી.ની ૧૮ એન્ટ્રીમાં રૂા.૨,૪૯,૬૯૭/– મળી કુલ રૂા.૨,૬૧,૧૫૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૭ ફાઈલોના રૂા.૭,૪૩,૭૭૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૯૭,૦૦૦/–, મંડપ ચાર્જના રૂા.૨૦૩/– તેમજ દબાણ ચાર્જના રૂા.૫,૧૦૦/– મળી કુલ રૂા.૧,૦૨,૩૦૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

**૧.સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૫/૦૫/૨૦૧૫ થી તા.૨૧/૦૫/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.**

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૦૧૬૦ |
| ૨ | દાખલ દર્દી | | ૯૫૧ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૪૧૬ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૨ |
| ૫ | ડીલીવરી | | ૧૨૧ |
| ૬ | ઓપરેશન | નાના | ૧૯૬ |
| | | મોટા | ૧૩૧ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૫૯૪ |
| | સોનોગ્રાફી | | ૫૨૫ |
| | એમ.આર.આઈ. | | ૧૨૯ |
| | સી.ટી.સ્કેન | | ૧૧૪ |
| ૮ | એ.આર.વી. | નવા | ૯૫ |
| | | જુના | ૨૪૩ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૪૮ |
| | | ઈસ્યુ | ૩૨૦ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૦૭૫૨ |

**વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.**

**TOP**

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૬/૦૫/૧૫ થી તા.૨૨/૦૫/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| .નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૬૧૧ |
| | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૨ |
| | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૭ |
| | મેજર ઓપરેશન | ૦૪ |
| | માયનોર ઓપરેશન | ૧૬ |
| | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૬ |

TOP

## પ્રેસનોટ

વાવાઝોડા,ભારે વરસાદ,પુર અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ,રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં,કયા પ્રકારની,કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું તા.૦૨/૦૬/૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે અયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશ્નરશ્રીના ટેલીફોનિક આદેશાનુસાર તા.૨૦/૦૫/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સંસ્થાઓની સાફ–સફાઈની તેમજ પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક દ્વારા કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી અન્વયે કુલ ૧૩૦૮ સંસ્થાઓનું ચેકિંગ કરી, વિવિધ ખામી / ઉણપો બદલ ૪૭૫ નોટીસો પાઠવી, ૨૦૮.૪૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે, તથા કસુરવારો પાસેથી રૂા.૧,૧૩,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ શહેરના વિવિધ વિસ્તારમાં રૂા.૧૦૬.૮૦ કરોડના ખર્ચે સાકારિત ત્રણ બ્રિજની લોકાપર્ણવિધિ શ્રી નીતિનભાઈ પટેલ માન.મંત્રીશ્રી આરોગ્ય,તબીબી,શિક્ષણ,પરિવાર કલ્યાણ,માર્ગ અને મકાન,પાટનગર યોજના,ગુજરાત રાજય તથા માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે.

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં સવારે ૧૧:૩૦ કલાકે ફલાયઓવર બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે.કતારગામ મેઈન રોડનાં, સ્થાનીક રહેણાંક વિસ્તારના લોકો તેમજ આ વિસ્તારના કારખાનાનો કારીગર વર્ગ મળીને ખુબજ બહોળા પ્રમાણમાં રોજીંદો ઉપયોગ કરે છે. જેથી રસ્તા પર ટ્રાફીકનું ભારણ ખુબ જ રહેતુ હતુ. તેમજ સને ર૦૦૬માં થયેલ શહેરનાં હદ વિસ્તરણમાં, કતારગામ ઝોનને સંલગ્ન અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉત્રાણ વિગેરે વિસ્તારોનો સમાવેશ થયેલ હોય તથા ટ્રાફીકની સમસ્યામાં વધારો થશે તેમ જણાતા આ સમસ્યાના નિરાકરણ માટે કતારગામ મુખ્ય રસ્તા પર રૂા.૬૬.૭૫ કરોડના ખર્ચે ફલાયઓવર બ્રીજ બાંધવામાં આવેલ છે.

સેન્ટ્રલઝોનમાં દિલ્હીગેટ જંકશન પર ના ફલાય ઓવર બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ સવારે ૧૧:૫૦ કલાકે રાખવામાં આવેલ છે.જુના કોટવિસ્તારને ફરતે આવેલ જય પ્રકાશ નારાયણ રોડ (રીંગરોડ) ઉપર ટ્રાફિકનું ખુબ જ ભારણ રહે છે. જેથી આ રીંગરોડ ઉપર આવેલ મહત્વનાં જંકશનો જેવા કે, અઠવાગેટ જંકશન, મજુરાગેટ જંકશન, કડીવાલા સ્કુલ નજીકનું જંકશન, ઉધના દરવાજા જંકશન, માન દરવાજા જંકશન, કમેલા દરવાજા જંકશન, સહરા દરવાજા જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. જયારે સદરહુ રીંગરોડનાં સ્ટેશન નજીક આવેલ દિલ્હીગેટ થી લાલ દરવાજા સુધીનાં જંકશનો ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનો પ્રકલ્પ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ રીંગરોડ ઉપર લીનીયર બસ સ્ટેન્ડ, બેલ્જિયમ ટાવર થી લાલ દરવાજા, પટેલ નગર સુધી બે અપ + બે ડાઉન લેન મળી કુલ ચાર લેનની ૧૭.૨૦ મી.પહોળાઈમાં આશરે ૧,૦૭૦ મીટર લંબાઈ ધરાવતો ફલાય ઓવર બ્રીજ બનાવવાનું હાથ ધરવામાં આવેલ સદરહુ ફલાય ઓવર બ્રીજ બનવાથી રીંગરોડ ઉપર જતાં આવતાં વાહનો તથા જુના શહેર વિસ્તારથી રેલ્વે તથા બસ સ્ટેશન તરફ જતાં આવતાં વાહનોની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થઈ શકશે આ ઉપરાંત શહેરના રાંદેર, અડાજણ, પાલ, ભાઠા, અઠવા, મજુરા, ભટાર વિગેરે વિસ્તારનાં નાગરિકોને રીંગરોડ થઈ સ્ટેશન તરફ જવા–આવવા માટે ખૂબ જ સારી સુવિધા ઉપલબ્ધ થશે આ ઉપરાંત કતારગામ, અમરોલી, વેડ, વરાછા, ઉત્રાણ તથા કોસાડ તરફથી સીધા રીંગરોડ પર સહારા દરવાજા, મજુરા ગેટ, સીવીલ હોસ્પીટલ,એરપોર્ટ,અડાજણ, પાલ તરફ જવા માટે સારી સુવિધા ઉપલબ્ધ થશે. નાગરિકોને તેનો લાભ થશે જેના કારણે મુસાફરી અને સમયમાં તથા ઈંધણ વપરાશમાં ઘટાડો થશે પ્રદૂષણની માત્રામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

વરાછા ઝોન વિસ્તારમાં ઓવરબ્રિજની લોકાર્પણવિધિ બપોરે ૧૨:૧૫ કલાકે રાખવામાં આવેલ છે. બોમ્બે માર્કેટથી પુણાગામ તરફ અર્ચના વિધાલય પાસેના જતો ૨૪.૦૦ મીટર પહોળો ટી.પી.રોડ પુણા ગામ તેમજ યોગીચોક વિસ્તારથી સુરત રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, બોમ્બે માર્કેટ તરફ આવવા/જવા માટેનો મુખ્ય રસ્તો હોય અર્ચના વિદ્યાલય પાસેના રહેણાક વિસ્તારની ગીચતાને લીધે અર્ચના વિદ્યાલય પાસેના જંકશન પર ટ્રાફીકનું પ્રમાણ ઘણુ વધારે રહેતુ હોય વધુમાં વરાછા/ કરંજ વિસ્તારમાંથી આઈમાતા રોડ પર થઈને સુરત –બારડોલી રોડ તરફ જતો ટ્રાફીક પણ અર્ચના વિધાલય પાસેથી પસાર થતા રસ્તા સાથે બનતાં જંકશનને ક્રોસ કરીને જતો હોય સદરહુ જંકશન પર પણ ટ્રાફીકનું પ્રમાણ ઘણુ રહેતુ હોય, આમ, ઉપરોકત બંને જંકશનો પરનાં ટ્રાફીક કન્જેશનને દૂર કરવા માટે અંદાજે ૪૮૦.૦૦ મીટર લંબાઈમાં ૧૧.૬૦ મીટર પહોળાઈનો ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. આ ૨૪.૦૦ મીટર પહોળા ટી.પી.રસ્તા પર ના ફલાય ઓવર બ્રીજથી વરાછા મેઈન રોડ, કરંજ, લંબે હનુમાન રોડ તરફથી આવતાં ટ્રાફીકને વિના અવરોધે મીડલ રીંગરોડ સાથે તેમજ આઈમાતા રોડ થઈ સુરત–બારડોલી રોડ સાથે સાંકળી શકાશે તેમજ આગળ જતા લિંબાયત, ડીંડોલી તથા ઉધના વિસ્તાર સાથે જોડાશે. આમ, સુરત–કામરેજ રોડ થી સુરત–બારડોલી રોડ તથા સુરત–નવસારી બન્ને તરફ જવા માટે એક નવી લીંક ઉભી થશે તદઉપરાંત પુણા–કરંજ તેમજ યોગીચોક વિસ્તારના લોકો માટે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ટેક્ષટાઈલ માર્કેટ તથા રીંગરોડ જેવા વિસ્તારમાં પહોંચવુ સરળ બનશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ શહેરના વિવિધ વિસ્તારમાં રૂા.૧૦૬.૮૦ કરોડના ખર્ચે સાકારિત ત્રણ બ્રિજની લોકાપર્ણવિધિ શ્રી નીતિનભાઈ પટેલ માન.મંત્રીશ્રી આરોગ્ય,તબીબી શિક્ષણ,પરિવાર કલ્યાણ,માર્ગ અને મકાન,પાટનગર યોજના,ગુજરાત રાજય તથા માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં સવારે ૧૨:૩૦ કલાકે ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું જે કતારગામ મેઈન રોડના સ્થાનીક રહેણાંક વિસ્તારના લોકો તેમજ આ વિસ્તારના કારખાનાનો કારીગર વર્ગ બંને મળીને ખુબજ બહોળા પ્રમાણમાં રોજીંદો ઉપયોગ કરે છે. જેથી રસ્તા પર ટ્રાફીકનું ભારણ ખુબ જ રહેતુ હતુ. તેમજ સને ૨૦૦૬માં થયેલ શહેરનાં હદ વિસ્તરણમાં, કતારગામ ઝોનને સંલગ્ન અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉત્રાણ વિગેરે વિસ્તારોનો સમાવેશ થયેલ હોય ટ્રાફીકની સમસ્યામાં વધારો થશે તેમ જણાતા આ સમસ્યાના નિરાકરણ માટે કતારગામ મુખ્ય રસ્તા પર રૂા.૬૬.૭૫ કરોડના ખર્ચે ફલાયઓવર બ્રીજ બાંધવામાં આવેલ





સદર પુલના આયોજનમાં કતારગામ દરવાજા–પારસ પોલીસ ચોકી, નજીકથી શરૂ થઈ બાળાશ્રમ સર્કલ થઈ અમરોલી તરફ ઉતરતો / ચડતો મુખ્ય થ્રી લેન ફલાય ઓવર બ્રીજ તથા બાળાશ્રમ સર્કલથી કતારગામ ફાયર સ્ટેશન તરફ ઉતરતો સીંગલ લેનના રેમ્પ નો તેમજ સુમુલ ડેરી રોડથી મુખ્ય ફલાય ઓવર બ્રીજ પર જવા માટેનાં રેમ્પનો સમાવેશ કરવામાં આવેલ છે. આ બ્રીજ બનાવવાથી ચોક – નાનપુરા જેવા વિસ્તારમાંથી કતારગામ– અમરોલી– કોસાડ જેવા વિસ્તારમાં જવામાં તેમજ કતારગામ અમરોલી–કોસાડના લોકોને શહેરના ચોક અઠવાગેટ જેવા વિસ્તારમાં પહોંચવા માટે સરળતા રહેશે. આમ, કતારગામ મુખ્ય રસ્તા ઉપર સુમુલ ડેરી તેમજ અમરોલી તરફ જતા રેમ્પ ના આયોજનને કારણે આ વિસ્તારમાંથી પસાર થતા આશરે રોજીંદા ૧.૦૦ લાખ લોકોને ટ્રાફીકની ગીચતામાંથી છુટકારો મળી શહેરના અન્ય વિસ્તારોમાં જવા માટે સુગમતા રહેશે.

સેન્ટ્રલઝોનમાં દિલ્હીગેટ જંકશન પર ના ફલાય ઓવર બ્રિજની લોકાર્પણવિધિ સવારે ૧૨:૪૫ કલાકે કરવામાં આવી હતી.જુના કોટવિસ્તારને ફરતે આવેલ જય પ્રકાશ નારાયણ રોડ (રીંગરોડ) ઉપર ટ્રાફિકનું ખુબ જ ભારણ રહે છે. જેથી આ રીંગરોડ ઉપર આવેલ મહત્વનાં જંકશનો જેવા કે, અઠવાગેટ જંકશન, મજુરાગેટ જંકશન, કડીવાલા સ્કુલ નજીકનું જંકશન, ઉધના દરવાજા જંકશન, માન દરવાજા જંકશન, કમેલા દરવાજા જંકશન, સહરા દરવાજા જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. જયારે સદરહુ રીંગરોડનાં સ્ટેશન નજીક આવેલ દિલ્હીગેટ થી લાલ દરવાજા સુધીનાં જંકશનો ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાનો પ્રકલ્પ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ. રીંગરોડ ઉપર લીનીયર બસ સ્ટેન્ડ, બેલ્જિયમ ટાવર થી લાલ દરવાજા, પટેલ નગર સુધી બે અપ + બે ડાઉન લેન મળી કુલ ચાર લેનની ૧૭.૨૦ મી.પહોળાઈમાં આશરે ૧,૦૭૦ મીટર લંબાઈ ધરાવતો ફલાય ઓવર બ્રીજ આવેલ છે. સદરહુ ફલાય ઓવર બ્રીજ બનવાથી રીંગરોડ ઉપર જતાં આવતાં વાહનો તથા જુના શહેર વિસ્તારથી રેલ્વે તથા બસ સ્ટેશન તરફ જતાં આવતાં વાહનોની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થઈ શકશે

TOP

આ ઉપરાંત શહેરના રાંદેર, અડાજણ, પાલ, ભાઠા, અઠવા, મજુરા, ભટાર વિગેરે વિસ્તારનાં નાગરિકોને રીંગરોડ થઈ સ્ટેશન તરફ જવા–આવવા માટે ખૂબ જ સારી સુવિધા ઉપલબ્ધ થશે આ ઉપરાંત કતારગામ, અમરોલી, વેડ, વરાછા, ઉત્રાણ તથા કોસાડ તરફથી સીધા રીંગરોડ પર સહારા દરવાજા, મજુરા ગેટ, સીવીલ હોસ્પીટલ,એરપોર્ટ,અડાજણ, પાલ તરફ જવા માટે સારી સુવિધા ઉપલબ્ધ થશે. નાગરિકોને તેનો લાભ થશે જેના કારણે મુસાફરી અને સમયમાં તથા ઈંધણ વપરાશમાં ઘટાડો થશે પ્રદૂષણની માત્રામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. સુરત શહેરનાં સ્ટેશન નજીકનાં દિલ્હીગેટ, અમીષા હોટલ અને લાલ દરવાજા જંકશન પર પીક અવર્સમાં વાહન વ્યવહાર ઘણો મુશ્કેલી ભર્યો રહે છે. વધુમાં આ સ્થળે રેલ્વે સ્ટેશન તેમજ સેન્ટ્રલ બસ સ્ટેશન આવેલ હોવાથી ટ્રાફિકની અવર– જવર ઘણી જ વધારે રહે છે. અને તેને કારણે ટ્રાફિક જામના પ્રશ્નો સર્જાય છે જેને લીધે ઘણાં માનવ કલાકો વેડફાય છે. ઈંધણનો બગાડ થાય છે અને પ્રદુષણ વધતું રહે છે. ઉપરોકત જંકશનો ઉપર ટ્રાફિકની સમસ્યા હલ કરવા ફલાય ઓવર બ્રીજનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં,

વરાછા ઝોન વિસ્તારમાં ઓવરબ્રિજની લોકાર્પણવિધિ બપોરે ૧:૦૦ કલાકે કરવામાં આવી હતી.બોમ્બે માર્કેટથી પુણાગામ તરફ અર્ચના વિદ્યાલય પાસેથી જતો ૨૪.૦૦ મીટર પહોળો ટી.પી.રોડ પુણા ગામ તેમજ યોગીચોક વિસ્તારથી સુરત રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, બોમ્બે માર્કેટ તરફ આવવા/જવા માટેનો મુખ્ય રસ્તો હોય અર્ચના વિદ્યાલય પાસેના રહેણાક વિસ્તારની ગીચતાને લીધે અર્ચના વિદ્યાલય પાસેના જંકશન પર ટ્રાફીકનું પ્રમાણ ઘણુ વધારે રહેતુ હોય વધુમાં વરાછા/ કરંજ વિસ્તારમાંથી આઈમાતા રોડ પર થઈને સુરત –બારડોલી રોડ તરફ જતો ટ્રાફીક પણ અર્ચના વિદ્યાલય પાસેથી પસાર થતા રસ્તા સાથે બનતાં જંકશનને ક્રોસ કરીને જતો હોય સદરહુ જંકશન પર પણ ટ્રાફીકનું પ્રમાણ ઘણુ રહેતુ હોય, ઉપરોકત બંને જંકશનો પરનાં ટ્રાફીક કન્જેશનને દૂર કરવા માટે અંદાજે ૪૮૦.૦૦ મીટર લંબાઈમાં ૧૧.૬૦ મીટર પહોળાઈનો ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. આ ૨૪.૦૦ મીટર પહોળા ટી.પી.રસ્તા પર ના ફલાય ઓવર બ્રીજથી વરાછા મેઈન રોડ, કરંજ, લંબે હનુમાન રોડ તરફથી આવતાં ટ્રાફીકને વિના અવરોધે મીડલ રીંગરોડ સાથે તેમજ આઈમાતા રોડ થઈ સુરત– બારડોલી રોડ સાથે સાંકળી શકાશે તેમજ આગળ જતા લિંબાયત, ડીંડોલી તથા ઉધના વિસ્તાર સાથે જોડાશે. આમ, સુરત–કામરેજ રોડ થી સુરત–બારડોલી રોડ તથા સુરત–નવસારી બન્ને તરફ જવા માટે એક નવી લીંક ઉભી થશે તદઉપરાંત પુણા–કરંજ તેમજ યોગીચોક વિસ્તારના લોકો માટે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ટેક્ષટાઈલ માર્કેટ તથા રીંગરોડ જેવા વિસ્તારમાં પહોંચવુ સરળ બનશે.

ત્રણ ઓવરબ્રિજ લોકાર્પણવિધિ પ્રસંગે પ્રમુખશ્રી નિરંજન ઝાંઝમેરા મા.મેયરશ્રી, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, માન. ડે. મેયર શ્રીમતી રંજનબેન કે. વેકરીયા, માન. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી નિરવ શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, પત્રકારશ્રીઓ, મીડીયા તથા જાહેર જનતા આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૨૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૨૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૦૨૬૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીગનો નાશ કરવામાં આવેલ છે. ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩,૫૮,૨૩૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૭ એન્ટ્રીમાં રૂા.૬૬,૭૧૦/– અને આર.સી.ની ૨૨ એન્ટ્રીમાં રૂા.૧,૦૫,૪૨૦/– મળી કુલ રૂા.૧,૭૨,૧૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧,૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૦ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૧,૫૩૫/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૨૪ ફાઈલોના રૂા.૧૧,૫૬,૪૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૦,૫૮૫/–, મિલ્કત ભાડાના રૂા.૧૫,૨૮૮/– તેમજ દબાણ ચાર્જના રૂા.૪,૦૫૦/– મળી કુલ રૂા.૧,૯૯,૯૨૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આરોગ્ય વિભાગને મળેલ ફરીયાદનાં અનુસંધાનમાં તા.૨૭/૦૫/૨૦૧૫ ના રોજ ૧૧:૦૦ કલાક સવારે સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગના સ્ટાફની ૪ – ટીમ બનાવી જે.પી.બીસ્કીટ બેકરીની ઝોન વિસ્તારમાં આવેલ અનુક્રમે (૧) ભેસ્તાન ચાર (૨) પિયુષ પોઈન્ટ ચાર રસ્તા, (૩) ગોપાલનગર, શારદા સ્કુલની બાજુમાં બમરોલી અને (૪) ઉધના ત્રણ રસ્તા ખાતે આવેલ કુલ – ૪ શાખાઓમાં તેમજ ઈન્ડીયા બેકરી, ઉધના ત્રણ રસ્તા, માં આકસ્મીક આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. દરેક સંસ્થામાં ગંદકી તેમજ સફાઈનો અભાવ જોવા મળેલ. જે જાહેર જનતાનાં આરોગ્યને ધ્યાને લેતા ગંભીર બાબત હોય, સદર તમામ સ્થળોએ થી કુલ– ૧૮૫ કિ.ગ્રા. અખાદ્યય પદાર્થ જેવા કે સુકા નાસ્તાનાં વેફર, બીસ્કીટ, ચેવડો, ચવાણું વિગેરે નાં પેકેટ કે જેનાં પર મેન્યુફેકચરીંગ તેમજ એકસપાઈરી તારીખ પ્રીન્ટ કરેલ ન હતી. તે તમામ નો નાશ કરાવેલ છે. તેમજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફીસર ધ્વારા ગોપાલનગર, શારદા સ્કુલની બાજુમાં બમરોલી ખાતેની જે.પી.બીસ્કીટ બેકરી માંથી વેચાતા ખાદ્ય પદાર્થનાં નમુના લઈ લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે.પી.બીસ્કીટ બેકરીની ૪ શાખાઓ તથા ઈન્ડીયા બેકરીમાંથી કુલ વહીવટી ખર્ચ પેટે રૂ. ૫૮,૦૦૦/–વસુલવામાં આવેલ છે. તથા તમામ સંસ્થાને આરોગ્ય વિષયક સાફ–સફાઈ તેમજ અન્ય ખામીઓ બાબતે નોટીસ પાઠવેલ છે.

TOP

## પ્રેસનોટ

વાવાઝોડા,ભારે વરસાદ,પુર અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ,રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં,કયા પ્રકારની,કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું તા.૦૨/૦૬/૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે અયોજન કરવામાં આવેલ છે.જેમા શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૧૦૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૫૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૫,૯૦,૬૪૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૩ એન્ટ્રીમાં રૂા.૨૫,૨૩૩/– અને આર.સી.ની ૨૨ એન્ટ્રીમાં રૂા.૧,૦૫,૪૨૦/– મળી કુલ રૂા.૧,૭૨,૧૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧,૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૦ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૧,૫૩૫/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૨૪ ફાઈલોના રૂા ૫,૨૦,૪૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૧,૮૦,૫૮૫/–, મિલ્કત ભાડાના રૂા.૧૫,૨૮૮/– તેમજ દબાણ ચાર્જના રૂા.૪,૦૫૦/– મળી કુલ રૂા.૧,૨૫,૪૨૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૦ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૮/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૭,૯૨૦/–,  વેસ્ટઝોન – રૂા.૫,૫૫૦/–, સાઉથઝોન – રૂા.૪,૧૧૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૩૭,૪૭૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૭,૦૮૦, નોર્થઝોન – રૂા.૩,૩૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૩,૯૫૦/– મળી  તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૮૯,૩૮૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ આંબેડકરનગર, ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૦, પાલનપુર હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, પાલનપુર ૯.૦૦ મીટરના ટી.પી. રસ્તામાં નડતરરૂપ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, એકતાનગર, રેખાપાર્ક ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧, તથા રેવાનગર સોસાયટી પાસેની ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩ મળી કુલ – ૪૬ લાભાર્થીઓને ટી.પી. સ્કીમ નં. ૯ (પાલનપુર–ભેંસાણ) ફા.પ્લોટ નં. ૧૭૬ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વ્ઘ્દગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૬.૦૫.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર), સીનીયર સીટીઝન હોલ, ઈસીતા પાર્ક પાસે, અડાજણ ખાતે ,પશ્ચિમ ઝોન (રાંદેર) ના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલકુમાર ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આરોગ્ય વિભાગને મળેલ ફરીયાદનાં અનુસંધાનમાં તા.૨૭/૦૫/૨૦૧૫ ના રોજ ૧૧:૦૦ કલાક સવારે સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગના સ્ટાફની ૪ – ટીમ બનાવી જે.પી.બીસ્કીટ બેકરીની ઝોન વિસ્તારમાં આવેલ અનુક્રમે (૧) ભેસ્તાન ચાર રસ્તા,(૨) પિયુષ પોઈન્ટ ચાર રસ્તા, (૩) ગોપાલનગર, શારદા સ્કુલની બાજુમાં બમરોલી અને (૪) ઉધના ત્રણ રસ્તા ખાતે આવેલ કુલ – ૪ શાખાઓમાં તેમજ ઈન્ડીયા બેકરી, ઉધના ત્રણ રસ્તા, માં આકસ્મીક આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. દરેક સંસ્થામાં ગંદકી તેમજ સફાઈનો અભાવ જોવા મળેલ. જે જાહેર જનતાનાં આરોગ્યને ધ્યાને લેતા ગંભીર બાબત હોય, સદર તમામ સ્થળોએ થી કુલ– ૧૮૫ કિ.ગ્રા. અખાદ્યય પદાર્થ જેવા કે સુકા નાસ્તાનાં વેફર, બીસ્કીટ, ચેવડો, ચવાણું વિગેરે નાં પેકેટ કે જેનાં પર મેન્યુફેકચરીંગ તેમજ એકસપાઈરી તારીખ પ્રીન્ટ કરેલ ન હતી. તે તમામ નો નાશ કરાવેલ છે. તેમજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફીસર ધ્વારા ગોપાલનગર, શારદા સ્કુલની બાજુમાં બમરોલી ખાતેની જે.પી.બીસ્કીટ બેકરી માંથી વેચાતા ખાદ્ય પદાર્થનાં નમુના લઈ લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે.પી.બીસ્કીટ બેકરીની ૪ શાખાઓ તથા ઈન્ડીયા બેકરીમાંથી કુલ વહીવટી ખર્ચ પેટે રૂા. ૫૮,૦૦૦/–વસુલવામાં આવેલ છે. તથા તમામ સંસ્થાને આરોગ્ય વિષયક સાફ–સફાઈ તેમજ અન્ય ખામીઓ બાબતે નોટીસ પાઠવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૦૫/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૨૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૦૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૮૯ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨,૯૪,૯૩૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૫ એન્ટ્રીમાં રૂા.૪૭,૪૦૦/– અને આર.સી.ની ૨૭ એન્ટ્રીમાં રૂા.૯૩,૬૫૪/– મળી કુલ રૂા.૧,૪૧,૦૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૨ ફાઈલોના રૂા.૨,૩૫,૬૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૩૧,૩૫૯/–, મિલ્કત ભાડાના રૂા.૨૪,૨૭૪/–, દબાણ ચાર્જના રૂા.૧,૨૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૪૭૧/– મળી કુલ રૂા.૧,૫૮,૩૧૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

તા.૨૮/૦૫/૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે "ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેસ પ્લાન" અન્વયે ઝોનલ ચીફ અને એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના અધ્યક્ષ સ્થાને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના



પ્રમુખશ્રીઓ / પ્રતિનિધિશ્રીઓની સાથે ખાડીપુર / નદીપુર જેવી કુદરતી આફતના સમયે રાહતની કામગીરી, સાફસફાઈ તથા પુર્નઃવસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર તેઓ સાથે સંકલન કરી અત્રેના ઝોનના કયા વિસ્તારમાં, કઈ સંસ્થા, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા આપી શકે તેમ છે તે અંગે જરૂરી માહિતી સુનિશ્ચિત કરવા મીટીંગ મળી હતી. આ મીટીંગમાં મુખ્યત્વે (૧) કેનાલ રોડ હાઉસીંગ સોસાયટીઝ એસોસિએશન (૨) ભારતીય યુવા ઉત્થાન સમિતિ (૩) ન્યુ ટેક્ષટાઈલ ટાવર ટ્રેડર્સ એસોસિએશન (૪) મહેશ્વરી મહીલા મંડળ (૫) સાંઈ સેવા મિત્ર મંડળ (૬) કમલસ્મૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ અને જનકલ્યાણ મહિલા વિકાસ મંડળ જેવી ૫૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનીધીઓ હાજર રહયા હતા.

મીટીંગની શરૂઆતમાં આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલાએ હાજર રહેલા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ / પ્રતિનિધિશ્રીઓનું હાર્દિક સ્વાગત કરી મીટીંગનો ઉદ્દેશ સ્પષ્ટ કરેલ હતો. ત્યારબાદ સ્વૈચ્છિક સંસ્થાઓના હાજર રહેલા પ્રતિનિધિશ્રીઓની ઓળખવિધિ તેમજ તેમની સંસ્થાની પ્રવૃત્તી વિશે ટુંકમાં માહિતી આપી પરિચય કેળવ્યો હતો. ઝોનલ ચીફ અને એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહે સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓને સુરત શહેરની ભૌગોલીક પરિસ્થિતિ તેમજ નદીપુર અને ખાડીપુર વિશે વિસ્તૃત માહિતગાર કર્યા. તેઓએ સુરત મહાનગર પાલિકા મારફત આપત્તી વ્યવસ્થાપન અંતર્ગત કરવામાં આવતી પૂર્વતૈયારી અંગે જાણકારી આપી તેમજ મીટીંગમાં ઉપસ્થિત તમામ સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓને કુદરતી આફતના સમયે તન–મન–ધનથી સહકાર આપવા અપીલ કરી હતી. ત્યારબાદ ડે.ઈજનેરશ્રી એન.એલ.પટેલ દ્વારા અગાઉના વર્ષમાં આવેલ ખાડીપુર / નદીપુર વખતે ઉપસ્થિત થયેલ પરિસ્થિતી અંગે વિગતવાર ચિતાર રજુ કરી સાવચેતીના અને આયોજનનાં ભાગરૂપે લેવામાં આવેલા પગલાં અંગેની વિગતવાર આંકડાકીય માહિતી તેમજ વિડીયો પ્રેઝન્ટેશન રજુ કરેલ હતું. ડે.ઈજનેરશ્રી એન.એલ.પટેલ દ્વારા કુદરતી આફત પહેલા કરવાજોગ આગોતરા આયોજનની માહિતી આપી, અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા ગત વર્ષોમાં કરેલી કામગીરીની વિસ્તૃત જાણકારી આપી હતી. કુદરતી આફતને પહોંચી વળવા લેવા જોગ પગલા અંગેની વિસ્તૃત ચર્ચા સદર મીટીંગમાં કરવામાં આવેલ હતી. સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી હકારાત્મક પ્રતિભાવ આપી કુદરતી આફતના સમયે સુરત મહાનગરપાલિકા સાથે ખભેખભા મિલાવી કામગીરી કરવાની તત્પરતા દર્શાવી હતી. અંતે આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા દ્વારા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓનો આભાર પ્રદર્શિત કરી મીટીંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૫/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૩૭૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૨૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૩,૩૧,૦૧૮/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૫ એન્ટ્રીમાં રૂા.૩૭,૪૮૦/– અને આર.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૪૪,૬૯૦/– મળી કુલ રૂા.૮૨,૧૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૬૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૫૨૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૧ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૬ ફાઈલોના રૂા.૪,૬૭,૬૭૬/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૯૪,૧૫૩/–, મિલ્કત ભાડાના રૂા.૨,૭૭૨/–, મંડપ ચાર્જના રૂા.૧,૦૧૩/–, દબાણ ચાર્જના રૂા.૮,૨૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૬૪૮/– મળી કુલ રૂા.૧,૦૬,૭૮૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૨૮.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૯ ફાઈલના રૂા.૧૨.૬૯ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા)૩૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૪૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૭૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૮૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૯,૫૬૦/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૬ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૪૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૯.૭૫ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧.૨૮ લાખ થયેલ છે.,૧૧ ભહ તથા ૦૬ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૬૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૦ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૧ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૨.૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૩ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૭૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૨૪૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૨૩૮૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૨ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૭૪૧ કરવામાં આવેલ છે. જયારે ૨૧ નોટીસ આપવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ

ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગતઃ–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આજે તા.૨૮/૫/૧૫ના રોજ નીચે મુજબના ગેરકાયદેસરના બાંધકામો તોડી દુર કરવામાં આવેલ છે.

(૧)વોર્ડ નં.૩,નોંધ નં.૬૪૫ થી ૬૪૭,૩૯૦ નવાપુરા કરવા રોડ,સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી તા.૯/૧૧/૧૨ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ જેના બેઝમેન્ટ વાળા ભાગમાં આશરે ૧૫૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતરની દિવાલો અત્રે થી તોડી પાર્કિંગ ખુલ્લું કરવામાં આવેલ છે.

(૨).વોર્ડ નં.૩ નોંધ નં.૬૫૦,૬૫૧ નવાપુરા કરવા રોડ,સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી તા.૩૦/૦૧/૨૦૧૪ ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ.જેના બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોરવાળા ભાગમાં આશરે ૧૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતરની દિવાલો અત્રેથી તોડી પાર્કીગ ખુલ્લું કરવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૩ નોંધ નં.૬૭૦ નવાપુરા કરવા રોડ,સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી તા.૨૬/૧૨/૨૦૧૧ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ.જેના બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોરવાળા ભાગમાં આશરે ૧૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં ચણતરની દિવાલો અત્રેથી તોડી પાર્કીગ ખુલ્લું કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.૩૯ (ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં.૬, સર્વે નં.૪–૧–૬ માં આવેલ મહાપ્રભુનગર સોસાયટી માં ગંદાપાણીની ફરીયાદ ઉઠવા પામી હતી. જેમાં નિકાલ અન્વયે સદર સોસાયટી માં મુખ્ય ૧૫૦ મી.મી. ડાયાની પાણીની નળીકા કાપીને પાણી ચેક કરવામાં આવ્યુ. તેમજ મંગલાપાર્ક સોસાયટીની આજુબાજુના વિસ્તારમાં પણ પીવાના પાણીમાં કલરવાળુ પાણી આવતુ હોવાથી અત્રેના પાણીખાતા દ્વારા વિસ્તારમાં જુદી જુદી જગ્યાઓએ સર્વે કરવામાં આવ્યો હતો. તદઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતુ કે, ખાનગી રહેણાંક સોસાયટીઓમાં ગેરકાયદેસર ચાલતા તપેલા ડાઈંગના પાણીનો નિકાલ યોગ્ય રીતે થતો ન હોવાથી તથા કલરવાળા પાણીના તપેલામાં પાણીની નળીકા મુકી રાખવામાં આવતા સમગ્ર વિસ્તારમાં પીવાના પાણીમાં કલરવાળુ પાણી ભળી જવાથી આ પ્રકારની ફરીયાદ ઉભી થાય છે. જેથી અત્રેના ઝોનના પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, દબાણ વિભાગ દ્વારા આવી મિલ્કતો વિરુધ્ધ તુરંત જ કડક પગલાં ભરવામાં આવ્યા હતા. જેમાં આવી જણાય આવેલ મિલ્કતોના કુલ–૦૨ પાણીના કનેકશન તુરંત જ દુર કરવામાં આવેલ. ઉપરાંત કુલ–૦૫ ડ્રેનેજ કનેકશન પણ કાપી નાંખવામાં આવેલ. તેમજ ઝોન કચેરી દ્વારા તા.૨૮/૦૫/૧૫ ના રોજ મહાપ્રભુનગર સર્વે નં.૪/૧/૬ માં આવેલી આવી ૧૮ જેટલી મિલ્કતો કે જેમાં તપેલા ડાઈંગ ચાલતા હતા.તે બંધ કરાવી મિલ્કતોને સીલ મારી દેવામાં આવ્યા હતા. ગંદાપાણીની ફરીયાદ હેઠળ પાણીખાતા દ્વારા ૨૦૦ મી.મી. વ્યાસની નળીકા પર ખોદાણ કરી પાણી ચેક કરવામાં આવ્યું. ૪૦૦×૪૦૦×૧૦૦ મી.મી. વ્યાસની ટી ના સાંધા ચેક કરવા માટે ખોદાણ કર્યુ. તેમજ ૪૦૦ મી.મી. વ્યાસની નળીકામાં ગંદાપાણીની દિશા જાણવા માટે ખોદાણ કરી લાઈન ખુલ્લી કરવામાં આવી. તેમજ મહાપ્રભુનગર સર્વે નં.૪/૧/૬ સેવન્થ ડે સ્કુલની ગલીમાં ૪૦૦ મી.મી. નો વાલ્વ ચેમ્બર સાફ કરાવી ગંદાપાણીની દિશા જાણવા માટે વાલ્વ બંધ કર્યો. સ્ટ્રોર્મ ડ્રેનેજ વિભાગ દ્વારા ૧૦૦ મી. જેટલી ચોકઅપ થયેલી સ્ટ્રોર્મ વોટરની લાઈન સફાઈ કરવામાં આવી.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૨/૦૫/૨૦૧૫ થી તા.૨૮/૦૫/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૦૧૧૫ |
| ૨ | દાખલ દર્દી | | ૧૦૪૦ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૪૯૨ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૬ |
| ૫ | ડીલીવરી | | ૧૩૫ |
| ૬ | ઓપરેશન | નાના | ૨૬૬ |
| | | મોટા | ૧૫૪ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૭૦૪ |
| | સોનોગ્રાફી | | ૫૩૭ |
| | એમ.આર.આઈ. | | ૧૪૦ |
| | સી.ટી.સ્કેન | | ૧૧૬ |
| ૮ | એ.આર.વી. | નવા | ૯૧ |
| | | જુના | ૨૧૦ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૧૧૨ |
| | | ઈસ્યુ | ૨૩૬ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૩૯૯૯ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૫/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૯૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૦૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૪૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૯,૯૯,૬૨૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૩૪,૯૦૦/– અને આર.સી.ની ૧૯ એન્ટ્રીમાં રૂા.૬૯,૨૧૦/– મળી કુલ રૂા.૧,૦૪,૧૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૨૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૬ ફાઈલોના રૂા.૧૦,૪૦,૦૪૫/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૭૬,૦૭૪/–, મિલ્કત ભાડાના રૂા.૭૦૩/–, દબાણ ચાર્જના રૂા.૬૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૬૦૦/– મળી કુલ રૂા.૭૭,૯૮૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૯.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૪ ફાઈલના રૂા.૬.૨૯ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૮ લોકેશન(ખાડા)૪૯૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૩.૦૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૯૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૩૦૦૦.૦૦ ચો.મી. સ્કેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૪,૨૫૪/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૫૮(બમરોલી) ફા. પ્લોટ નં. ૭૭/એ,બી તુલસીધામ સોસાયટીમા નડતરરૂપ રહેણાંક મકાનને ૩૩ × ૧.૩૦ મી. માપ વિસ્તારમાં દૂર કરેલ છે.તથા દિવ્યાનંદ સોસાયટીના પ્લોટ નં. ૫૯ ની પાસે આવેલ વર્કશોપ ૨૫.૦૦ ચો.મી. માપ વિસ્તાર બાંધકામ દૂર કરેલ છે.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૯ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૫.૦૪ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧.૯૫ લાખ થયેલ છે.,૧૧ ભહ તથા ૧૦ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૮૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૭ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૨ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૨.૧૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૯ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૯,૩૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૯૫૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૧૯૪૯૧ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૨ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૩૧૧ કરવામાં આવેલ છે. જયારે ૧૭ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા અઠવા ઝોન વિસ્તારમાં પીપલોદ ખાતે આવેલ લેકવ્યુ ગાર્ડનમાં તા.૨૩/૦૫/૨૦૧૫ ના રોજ સવારે ૮–૦૦ કલાક થી ૮–૩૦ કલાક દરમ્યાન મા.ધારાસભ્યશ્રી હર્ષ આર. સંઘવીની સ્થળ મુલાકાત દરમ્યાન તેઓશ્રીએ કરેલ સુચનો મુજબ સીકયુરીટી ગાર્ડને નિયમિત ફરજ બજાવવા માટે તાકીદ કરવામાં આવેલ છે. તેમજ અનિયમિતતા બાબતે સીકયુરીટી એજન્સી પાસેથી રૂા.૫,૦૦૦/– દંડ વસુલી કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં બાગમાં આવતા / રખડતા કુતરાઓને બાગમાંથી બહાર કાઢી મુકવામાં આવેલ છે. જેના કાયમી નિકાલ માટે નિયમિત જરૂરી પગલાં લેવામાં આવનાર છે. સદર બાગમાં નિયમિત નિભાવ કામ કરતા ઈજારદારને બાગમાંથી કામદારોના ઝુંપડાંઓ તાકીદે દુર કરવા કડક કાર્યવાહી કરવામાં આવેલ છે. અને ઈજારદાર પાસેથી રૂા.૫,૦૦૦/– નો દંડ વસુલવા અંગની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

મા.ધારાસભ્યશ્રી તેમજ બાગમાં આવતા મુલાકાતીઓની મોટી સંખ્યામાં અવર જવરને ધ્યાને લઈ મહાનગરપાલિકા ધ્વારા આજ તારીખના રોજ ૧૫ (પંદર) કામદારો ધ્વારા બાગમાં ઘનિષ્ઠ સાફ સફાઈ તેમજ સ્વચ્છતાની કામગીરી કરવામાં આવેલ છે અને સદર બાગમાં નિયમિત નિભાવ કામ થાય તે મુજબ ઈજારદાર તેમજ ફરજ પરના કર્મચારીઓને તાકીદ કરવામાં આવેલ છે. સદર બાગમાં ૧ (એક) શૌચાલય તેમજ ફુડ કોર્નર તરફ પે એન્ડ યુઝ ટોયલેટનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. વધુમાં બાગની કંપાઉન્ડ વોલને જરૂરી રીનોવેશન તેમજ નવીનીકરણનું કામગીરી પણ પ્રગતિ હેઠળ છે.

TOP

## પ્રેસનોટ

વાવાઝોડા,ભારે વરસાદ,પુર અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક  પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ,રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં,કયા પ્રકારની,કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું તા.૦૨/૦૬/૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે અયોજન કરવામાં આવેલ છે.જેમા શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## પ્રેસનોટ

વાવાઝોડા,ભારે વરસાદ,પુર અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ,રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં,કયા પ્રકારની,કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું તા.૦૨/૦૬/૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે અયોજન કરવામાં આવેલ છે.જેમા શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગર પાલિકાના સાઉથ–ઈસ્ટ(લિંબાયત) ઝોનમાં આવેલ ઈમ્પેકટ અંગેની કુલ પરપ૦પ અરજીઓ પૈકી મંજુર કરવામાં આવેલ ૩૪૧૫૧ અરજીઓના અંદાજે રૂ.૩૦.૫૦ કરોડ જમા લેવાના થતા હતા જે માટે લિંબાયત ઝોન તરફથી વસુલાત માટે ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જેમાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તથા કોમર્શિયલ વિસ્તાર ની ફાઈલો જેમાંથી વધું નાણાં જમાં લેવાના રહેતા હતા તેવા અરજદારોનો રૂબરૂ સંપર્ક કરી સ્થળ પર જ ઈમ્પેકટ ફી વસૂલ લેવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરીમાં કરારીય સર્વેયર્સ પાસે પ્રતિદિન પરીણામલક્ષી કામગીરી કરાવવામાં આવેલ તથા જે અરજદારો નાણાં ન ભરે તેવા અરજદારોની ઈન્ડ.તેમજ કોર્મશિયલ મિલ્કતો સામે કડક પગલા ભરવામાં આવેલ. જેમાં આવી મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.જેના કારણે સદર મિલ્કતદારો તરફથી તરત જ ઈમ્પેકટ ફી ની રકમ ભરપાઈ કરવામાં આવેલ. આ પ્રકારની  કામગીરીની અસરરૂપે આજદિન સુધી રૂ.૨૫.૦૦ કરોડ ઈમ્પેકટ ફી વસૂલ લેવામાં આવેલ છે. જે પૈકી  ૧૨૫૫૩ મિલ્કતના ફેબ્રુઆરી–૨૦૧૫ થી મે–૨૦૧૫ ના અંત સુધીમાં રૂ.૧૨.૭૮ કરોડ વસૂલ લેવામાં આવેલ છે જે મૂળ રકમનાં ૪૩% થાય છે. ઝોન દ્વારા કરવામાં આવેલ ઈમ્પેકટ ફી ની વસુલાતની અસરકારક ઝુંબેશનાં કારણે છેલ્લા ૧૦ દિવસમાં જ રૂ.૭૮.૦૦ લાખ ઈમ્પેકટ ફી તરીકે વસૂલ લેવામાં આવેલ છે.અને બાકી રહેતા રૂ.૫.૫૦ કરોડની વસૂલાત માટે ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે જે હાલમાં પ્રગતિમાં છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૫/૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૫૫૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૫૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૮૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૧,૬૭,૨૯૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૦૩ એન્ટ્રીમાં રૂા.૬,૯૪૦/– અને આર.સી.ની ૦૮ એન્ટ્રીમાં રૂા.૩૭,૭૩૦/– મળી કુલ રૂા.૪૪,૬૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૪૮૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૬ ફાઈલોના રૂા.૨,૪૭,૦૦૫/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૧,૧૧,૭૨૭/–, મિલ્કત ભાડાના રૂા.૨૭/–, દબાણ ચાર્જના રૂા.૧,૨૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૫૦૦/– મળી કુલ રૂા.૧,૧૪,૫૦૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં તા.૨૨/૫/૨૦૧૫ થી તા.૨૯/૫/૨૦૧૫ દરમ્યાન ક્રમશઃ ૧૫૧૩૫ અને ૨૪૭૯૦ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે રૂા.૩,૯૩,૧૩૫/– અને રૂા. ૯,૨૭,૦૮૦/– રકમ મળી કુલ રકમ રૂા. ૧૩,૨૦,૨૧૫/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશ્નરશ્રીના ટેલીફોનિક આદેશાનુસાર તા.૩૦/૦૫/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ સંસ્થાઓની સાફ–સફાઈની તેમજ પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી તથા સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી અન્વયે કુલ ૯૦૬ સંસ્થાઓનું ચેકિંગ કરી, વિવિધ ખામી / ઉણપો બદલ ૧૯૭ નોટીસો પાઠવી, ૩૬૩.૦૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે, તથા કસુરવારો પાસેથી રૂા.૧,૨૯,૮૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે, ઉપરાંત ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે મળી કુલ ૮૨૯ સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૨૩૫ નોટીસ પાઠવી, કુલ ૨૬૦.૭૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરી, કુલ રૂા.૧,૨૪,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૦૧/૦૫/૨૦૧૫ થી તા.૧૦/૦૫/૨૦૧૫ના રોજ સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જે પૈકી ૭ થી ૧૨ વર્ષની વયના ગ્રુપમાં વેસ્ટમાંથી બેસ્ટ, ફેન્સી એન્વેલોપ, ફલાવર મેકીંગ, લેમ્પ શેડ, તોરણ જેવી વસ્તુઓ બનાવવાનું શીખવવામાં આવેલ. તથા ૧૩ થી ૧૭ વર્ષની વયના ગ્રુપ માટે એસ્ટ્રોનોમી તથા સાયન્સ વિષય અંતર્ગત ગ્રહો, ટેલીસ્કોપ, એસ્ટ્રોનોમી સોફટવેર વિગેરે શીખવવામાં આવેલ તથા રબર પાવર કાર્ડ, હોટ એર બ્લુન, ઈન્સેકટ, રોબોટોય જેવા સાયન્સના પ્રોજેકટ સાયન્સ સેન્ટરના સ્ટાફ દ્વારા શીખવવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૫મી મે, સુરત સુધરાઈના સ્થાપના દિનની ભવ્યાતિભવ્ય ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું જે પૈકી સુરતની ઓળખ થીમ આધારીત રંગોળી પ્રદર્શન તેમજ સુરત " આ છે સુરત " થીમ આધારિત સુરતના મોન્યુમેન્ટસ અને સુરતના મિજાજની ઓળખ આપતા ફોટોગ્રાફ તથા પેઈન્ટીંગ્સનું તા.૧૫/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૨૦૧૫ સુધી આયોજન કરવામાં આવેલ. જેમાં ૩,૯૧૩ મુલાકાતીઓએ મુલાકાત લીધેલ હતી.

તા.૧૯/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૨૦૧૫ સુધી સાયન્સ સેન્ટર સુરતની ૨,૨૫૭ મુલાકાતીઓએ મુલાકાત લીધેલ હતી તેમજ તા.૧૯/૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૨૦૧૫ સુધીની સાયન્સ સેન્ટર સુરતની ટીકીટ વેચાણની આવક રૂા.૧,૮૮,૭૯૦/– ની થઈ હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૯/૩૦–૦૫–૨૦૧૫ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અઠવાલાઈન્સ વિસ્તારમાં સુરત–ડુમસ રોડ પર ખાણીપીણીનાં લારી–ગલ્લાનાં દબાણને કારણે વાહન વ્યવહાર ઠપ થઈ જવા પામે છે. જેથી જાહેર જનતાની સગવડતા માટે ખાસ અભિયાન તા.૨૫/૦૫/૧૫ થી સતત હાથ ધરવામાં આવેલ, જે પૈકી તા.૨૯/૦૫/૨૦૧૫ નાં રોજ રાત્રે ૭:૩૦ થી ૧૨:૦૦ દરમ્યાન કુલ ૧૨ (બાર) લારીઓનું દબાણ દૂર કરવામાં આવેલ છે તથા ખાસ ઝુંબેશ હેઠળ સદર લારી–ગલ્લાનું રાત્રી દરમ્યાન દબાણ દૂર કરવાની કામગીરી ચાલુ છે.

ટી.પી.સ્કીમ નં.૪(ઉમરા–સાઉથ), ફા.પ્લોટ નં.૪૨ (વેજીટેબલ માર્કેટ)ની બાજુઓના ખુલ્લા પ્લોટમાંથી કુલ ૧૨ (બાર) લારીઓનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં પ્રિ–મોન્સુનની કામગીરી અંતર્ગત વરસાદી ગટરના મેનહોલ તથા જાળીયા ૧૭૦ નંગ સોમેશ્વરા સોસાયટી પાછળ વેસુ રાજહંસ સિનેમાથી બીગ બજાર, ગૌરવપથ તથા વી.આઈ.પી. રોડ, ઉધના–મગદલ્લા રોડ પર ગાંધીકુટીર થી ભટાર ચાર રસ્તા, નવજીવન સર્કલથી મજુરા ફાયર સ્ટેશન નેટવર્ક અન્વયે બીજા રાઉન્ડની સાફ–સફાઈની કામગીરી તેમજ રીપેરીંગની / મરામતની કામગીરી કરવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કરદાતા પાસે રૂા.૧૯,૫૬,૩૬૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યસસાય વેરા વિભાગ દ્વારા કુલ રૂા.૫૦,૨૨૦/–ની વસુલાત કરવામાં આવેલ છે.

પ્લાસ્ટીક ઝુંબેશ હેઠળ–૩૯.૦૦ કિલો જપ્ત કર્યુ. વહીવટી વસુલાત રૂા.૨૦,૧૦૦/– કરવામાં આવેલ છે. હોટલ રેસ્ટોરન્ટ ચેકીંગ દરમ્યાન ૪૯.૦૦ કિલો અખાદ્ય પ્રદાર્થનો નાશ કરવામાં આવેલ છે તેમજ રૂા.૨૯,૦૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ છે. તમાકુ નિયંત્રણ હેઠળ શાળાઓની આજુબાજુ તમાકુ પ્રોડકટનું વેચાણ કરતી સંસ્થા પાસે રૂા.૫,૪૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

વાવાઝોડા,ભારે વરસાદ,પુર અને કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ,રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં,કયા પ્રકારની,કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું તા.૦૪/૦૬/૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે અયોજન કરવામાં આવેલ છે.જેમા શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

:: પ્રેસનોટ ::

ગુજરાત સરકારશ્રીના ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયમાં નવી નવી રોજગારીની તકો ઉભી થાય તે માટે જાન્યુઆરી ૨૦૧૫માં વાઈબ્રન્ટ ગુજરાતનું આયોજન કરી દેશ અને વિદેશની કંપનીઓ/ સંસ્થાઓ સાથે ગુજરાતમાં મૂડી રોકાણ કરેલ છે. જેના થકી ગુજરાતમાં નવી રોજગારીની તકો ઉપલબ્ધ થઈ રહી છે. સુરતએ ઔદ્યોગીક શહેર છે. સુરતમાં ડાયમંડ, ટેક્ષ્ટાઈલ્સ, જરીકામ જેવાં ઉદ્યોગો વિકસ્યા છે. જેમાં ૩૫૦૦ થી ૪૦૦૦ જેટલાં ડાયમંડ યુનિટની અંદર ૧.૫ લાખથી વધુ રત્ન કલાકારો હાલ રોજગારી મેળવી રહયા છે. હજુ વધુ રોજગારીની તકો રહેલી છે. ટેક્ષટાઈલ્સ ક્ષેત્રે પણ કારીગરોને રોજગારી મળી રહી છે. આમ, સુરતમાં રોજગારીની ઘણી તકો ઉપલબ્ધ છે.

બેરોજગાર યુવાનોને રોજગારી મળે તે શુભ આશયથી સુરત મહાનગરપાલિકા દ્વારા એમ્પ્લોઈમેન્ટ અને લાઈવલીહુડ સેલ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સંગઠિત તથા અસંગઠિત ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉપલબ્ધ થાય અને રોજગાર વાંચ્છુઓને રોજગાર મળી રહે અને શહેરના આર્થિક વિકાસમાં તેઓ સહભાગી થાય તે મુજબના પ્રયત્નો કરવામાં આવે છે.

અસંગઠિત ક્ષેત્રમાં ફેલાયેલા કુશળ / અર્ધકુશળ કારીગરોને રોજી મળી રહે અને શ્રમયોગીઓ સાથે શહેરની આમ જનતાનું સીધું જોડાણ થઈ શકે અને તે ધ્વારા સેવા મેળવનારને ઘર બેઠા કુશળ કામદારોની સેવાનો લાભ મળે તેમજ કામદારોની રોજગારીની તકોમાં વધારો થાય તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા 'સફલ' મોબાઈલ એપલીકેશન શરૂ કરવામાં આવેલ છે. આ રીતે તાલીમબધ્ધ યુવાઓને રોજગારી માટેની તકોમાં વધારો થશે.

સંગઠિત ક્ષેત્રમાં રોજગારી બાબતે સુરતના ઉદ્યોગોમાં રોજગારીની ઘણી તકો રહેલી છે. સુરત શહેરના સ્થાનિક લોકોને એક જ જગ્યાએ રોજગારીની તકો મળી રહે તે આશયથી સુરત મહાનગરપાલિકા, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના જીલ્લા રોજગાર વિનિમય કચેરી તથા સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના સંયુકત ઉપક્રમે વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટીના સહયોગથી તા.૩૧/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે 'રોજગાર મહા મેળા'નું આયોજન કરવામાં આવેલ છે. જેના થકી સુરતની વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓને યોગ્ય લાયકાત ધરાવતા કર્મચારીઓ / કારીગરો મળી રહેશે.

આ રોજગાર સેમીનારમાં નોકરીદાતાશ્રીઓએ તેમની વિવિધ જરૂરીયાત મુજબ કેટેગરી પ્રમાણેના કર્મચારીઓ અને કારીગરોની માંગણીઓ દર્શાવતું રજીસ્ટ્રેશન ચેમ્બર ઓફ કોમર્સ ખાતે કરાવવાનું રહેશે. જયારે રોજગાર/નોકરી વાંચ્છુ વ્યકિતઓએ ચેમ્બર ઓફ કોમર્સ, નાનપુરા, સુરત ખાતે સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન નિયત ફોર્મ ભરી નોંધણી કરાવવાની રહેશે. નોકરીદાતાઓ અને રોજગાર/ નોકરી મેળવવા માગતા વ્યકિતઓએ આ 'રોજગાર મહા મેળા'નો મહત્તમ લાભ લેવા સુરત મહાનગરપાલિકા હાર્દિક અપીલ કરે છે.

TOP

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા, ચેમ્બર ઓફ કોમર્સ,જિલ્લા રોજગાર કચેરી,જિલ્લા ઉધોગ કેન્દ્ર ,સુરત તથા દ.ગુ.યુનિવર્સિટી દ્વારા ઔધોગિક ભરતી મેળો યોજાયો**



સુરતઃ સુરત મહાનગરપાલિકા,ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત,સુરત જિલ્લા ઉધોગ કેન્દ્ર અને મદદનીશ નિયામક,રોજગાર કચેરી,સુરતના સંયુકત ઉપક્રમે કન્વેશન હોલ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,ઉધના મગદલ્લા રોડ,સુરત ખાતે વિના મુલ્યે ઔધોગિક ભરતી મેળો(જોબ ફેર)યોજાયો હતો.આ ભરતીમેળામાં ૫૦ જેટલા નોકરીદાતા તથા અંદાજે ૨૦૦૦ જેટલા નોકરી વાંચ્છુકોએ ભાગ લીધો હતો.

આ ભરતી મેળાનો શુભારંભ સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા ના હસ્તે દિપ પ્રાગટય થી કરવામાં આવ્યો હતો.તેઓએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે નોકરી દાતાઓ અને નોકરી ઈચ્છુકો માટે આવા ભરતી મેળાઓ ખુબ જ ઉપયોગી બની રહેશે.કેમકે નોકરી દાતાઓને પ્રમાણિક,નિષ્ઠાવાન,મહેનતું અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો મળી રહેશે તેમજ નોકરી વાચ્છુકોને તેમની ક્ષમતા પૂરવાર કરવાની તક મળશે.આવા ભરતી મેળાઓ અવારનવાર યોજાવા જોઈએ અને એ માટે સુરત મહાનગરપાલિકા નો પુરત સહકાર આપવાની ખાતરી પણ તેમણે આપી હતી.

આ સમારંભને સુરત મહાનગરપાલિકા ના કમિશનર શ્રી મિલિન્દ તોરવણે એ સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.દ.ગુ.યુનિ.ના કુલપતિ ર્ડા.દક્ષેશ ઠાકરે વિધાર્થીઓને શિક્ષણ થી લઈ યોગ્ય નોકરીની તકો પુરી પાડવાની ખેવના વ્યકત કરી હતી.સમારંભમાં સુરત મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા શ્રી કિશોરભાઈ બિંદલ,ડે.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટ તથા અધિકારી ગણ,અને ચેમ્બર ના પ્રમુખ શ્રી સી.એસ.જરીવાલા,ચૂંટાયેલા ઉપપ્રમુખશ્રી બી.એસ.અગ્રવાલ તથા પૂર્વ પ્રમુખશ્રી રોહિત મહેતા તથા અધિકારીઓ ,જિલ્લા ઉધોગ કેન્દ્ર,સુરત ના અધિકારીશ્રીઓ તથા જિલ્લા રોજગાર કચેરીના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા અને નોકરી વાંચ્છુકોને ભરતી મેળા વિશે માર્ગદર્શન આપ્યું હતું

TOP

## પ્રેસ નોટ

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી વાહક જન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર



તા.૧–૬–૨૦૧૫નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરાથી શરૂ કરી કતારગામ ઝોન ઓફિસનાં પટાંગણમાં પુર્ણ કરવામા આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં સ્થાયી સમિતિના ચેરમેન શ્રી નિરવભાઈ શાહ, પક્ષ નેતા શ્રી કિશોરભાઈ બિન્દલ, વિપક્ષ નેતા શ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકી, મ્યુ.કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે, આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્રભાઈ પાટીલ, બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયા, મ્યુનિસીપલ સદસ્યશ્રીઓ, કતારગામ ઝોનના વડાશ્રી એડીશનલ સીટી ઈજનેરશ્રી ભરતભાઈ શાહ, ઈ.ચા.ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે. અને હો.) ડો. કે. એ.શ્રોફ, આસી.કમિશ્નર શ્રી જગદીશ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી, ડો.મહેન્દ્ર પટેલ, ડો.દાસ, ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ તેમજ તમામ આસી.જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણ, આંગણવાડી કાર્યકરો અને નાગરિકોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

મે.કમિશ્નરશ્રીએ મેલેરીયા મચ્છરથી થતો રોગ હોય, જો પાણીને યોગ્ય રીતે સંગ્રહ કરવામાં આવે તો પાણીમાં જે મચ્છરની ઉત્પત્તિ થાય છે, તે અટકાવીને મેલેરીયા ઉપર નિયંત્રણ મેળવી શકાય તેમ છે. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમની કામગીરીને લીધે મેલેરીયાના રોગ ઉપર ઘણું જ નિયંત્રણ આપણે લાવી શકયા છીએ. આગામી ચોમ ાસાને ધ્યાનમાં લેતાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગની રોગ નિયંત્રણ કરવા અંગેની કામગીરીને ચરમ સીમા સુધી પહોંચાડી સુરત શહેરમાં મેલેરીયાનો એક પણ કેસ ન નોંધાય તેવી અપીલ કરી હતી. હાલમાં દર ૨૦૦૦ની વસ્તીએ વાર્ષિક ધોરણે ફકત એક જ કેસ મેલેરીયાનો જોવા મળે છે, તેને પણ નિયંત્રણ કરી ને વિશ્વ મેલેરીયા નાબૂદી તરફ પ્રયાણ કરવાનો અનુરોધ કર્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે અને મચ્છરજન્ય રોગો અંગે આવનાર ચોમાસામાં લેવા જોગ તકેદારીના પગલાઓની ખૂબ જ ઝીણવટપૂર્વક સમજણ આપવામાં આવેલ, અને મચ્છરજન્ય રોગોને નિયંત્રણ કરવામાં આપણા સૌની જવાબદારી અને ભાગીદારી છે. મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરીયાની પરિસ્થિતિ વણસે નહિ તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ / કપડાથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, જેવી રસપ્રદ માહિતી આપી હતી.

TOP

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાનુસાર આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડેપ્યુટી કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો. કે.એ.શ્રોફના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ અને નોર્થ ઝોનનાં સ્ટાફના સાથ–સહકાર દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર સમારંભમાં હાજર રહેલ મહાનુભાવો અને કર્મચારી ગણનો આભાર ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ડો.કે.જી.વૈષ્ણવ દ્વારા કરવામાં આવેલ.

TOP

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૫/૨૦૧૫ થી તા.૩૧/૦૫/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૬૧૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૪૨૬/– વસુલ લેવામાં આવેલ છે. ૬૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૭૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૩૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૬,૯૬,૮૯૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૨ એન્ટ્રીમાં રૂા.૨૪,૦૮૦/– અને આર.સી.ની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૯,૯૮૦/– મળી કુલ રૂા.૫૪,૦૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૪૦/–, રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૮ ફાઈલોના રૂા.૭,૯૫,૨૨૪/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૯૬,૦૦૬/–, મિલ્કત ભાડાના રૂા.૪૩૨/–, દબાણ ચાર્જના રૂા.૧,૪૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૬૦૦/– મળી કુલ રૂા.૯૯,૪૫૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## –:: પ્રેસનોટ ::–

તા. ૩૧મી મે નાં રોજ " વિશ્વ તમાકુ નિષેધ દિવસ " નિમિત્તે સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૫૮ | ૪૮ | ૧૯૩ | ૯૬૦૦ |
| વરાછા | ૧૦૪ | ૪૭ | ૧૯૯ | ૯૪૦૦ |
| રાંદેર | ૨૦ | ૧૭ | ૨૯ | ૩૪૦૦ |
| કતારગામ | ૨૨૫ | ૬૬ | ૨૨ | ૧૩૨૦૦ |
| ઉધના | ૮૯ | ૫૭ | ૩૦૯ | ૧૧૪૦૦ |
| લિંબાયત | ૭૧ | ૩૩ | ૫૫૩ | ૬૬૦૦ |
| અઠવા | ૪૬ | ૨૭ | ૩૧૧ | ૫૪૦૦ |
| કુલ | ૬૧૩ | ૨૯૫ | ૧૬૧૬ | ૫૯૦૦૦ |

TOP

## પૂર્વ (વરાછા) ઝોન અખબારી યાદી

## તા.૦૧/૦૬/૨૦૧૫

## માસ મે –૨૦૧૫ દરમ્યાન ઈમ્પેકટ ફી તથા આઈ.સી.નાં નાણાની વસૂલાત બાબત.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન તરફથી ઝોન વિસ્તારમાં પ્રાથમિક સુવિધાને લગતાં વિકાસ કામો કરવાની સાથો–સાથ મહાનગરપાલિકાનાં આવકના સ્ત્રોતો મારફત નાંણાકીય રિકવરી કરવાની કામગીરી પણ સતત ચાલી રહેલ છે. તે હેઠળ ગૃડા–૨૦૧૧ હેઠળ તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીમાં ઈમ્પેકટ ફી પેટે રૂા.૫૭,૨૫,૫૯,૯૫૫/– ની વસૂલાત કર્યા બાદ ચાલુ નાંણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નાં પ્રથમ ૨ (બે) માસ દરમ્યાન ઈમ્પેકટ ફી પેટે વધુ રૂા.૪,૬૫,૪૬,૨૬૭/– ની રકમની વસૂલાત કરી લેવામાં આવેલ છે. તેમ થતા, ઈમ્પેકટ ફી ની કુલ રૂા.૭૫.૨૯ કરોડની ડિમાન્ડ સામે તા.૩૧/૦૫/૨૦૧૫ સુધીમાં રૂા.૬૧.૯૧ કરોડ ની રકમની વસૂલાત થયેલ છે. આ ઉપરાંત આઈ.સી.ના નાંણા પેટે પણ ચાલુ નાંણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ નાં પ્રથમ ૨ (બે) માસ દરમ્યાન જ રૂા.૩,૪૧,૬૪,૭૯૨/– (રૂા.૩.૪૧ કરોડ) ની રકમની વસૂલાત કરવામાં આવેલ છે. આઈ.સી. નાં નાંણાની રિકવરી માટે ઝોન વિસ્તારની તમામ ફાયનલ ટી.પી.સ્કીમોમાં હિત ધરાવનારા ઈસમોને ડિમાન્ડ નોટ બજાવવાની કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે. આ કામગીરી પૂર્ણ થતાં તેની રિકવરીને લગતી કામગીરી પણ ઝોન કચેરી તરફથી હાથ ધરવામાં આવશે.

ઉપરોકત કામગીરી ઉપરાંત ઝોન વિસ્તારમાં નવેસરથી થતાં બિનઅધિકૃત બાંધકામોનાં ડિમોલીશનની કામગીરી પણ સતત ચાલુ રાખવામાં આવેલ છે. તે હેઠળ માસ મે–૨૦૧૫ માં ૨૯ બિનઅધિકૃત બાંધકામોના ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તથા તે પેટે કુલ રૂા.૧,૪૬,૦૦૦/– ની રકમના વહીવટી ચાર્જની પણ વસૂલાત કરવામાં આવેલ છે. તેની સાથો–સાથ ઝોનનાં 'ઝીરો' દબાણ સહિતનાં અન્ય રસ્તાઓ પર ટ્રાફિકને નડતરરૂપ થતાં લારી/ગલ્લાનાં દબાણો દૂર કરવાની કામગીરી પણ અવિરતપણે ચાલુ  રાખવામાં આવેલ છે તે હેઠળ પ્રથમ ૨ (બે) માસમાં જ ૨૮૭૯ બિન અધિકૃત દબાણો દૂર કરી વહીવટી/દબાણ ચાર્જ પેટે રૂા. ૩,૭૪,૨૦૫/– ની રકમ વસૂલાત કરવામાં આવેલ છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**અખબારી યાદી**

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૧–૦૬–૨૦૧૫ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

વોર્ડ નં.૧૩ (અઠવા) નોંધ નં.૬૯૪, ૬૯૫ ''ધીરજ સન્સ''વાળી મિલ્કતમાં પાછળના માર્જીનમાં બિનઅધિકૃત રીતે આર.સી.સી.કોલમ, બીમ, સ્લેબ સહિતનું આશરે ૨.૦૦ મી. × ૧૨.૨૦ મી.= ૨૪.૪૦ ચો.મી. એટલે કે ૨૬૨.૫૦ ચો.ફુટ નું કરેલ ગેરકાયદેસરનું બાંધકામ દૂર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫૦૦૦/– વસુલવામાં આવેલ છે.

TOP